## સંક્ષિપ્ત સમાચાર

### ખંભાતના રાલેજ ગામમાં 75મો તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો




**ખંભાત :** ખંભાત તાલુકાના રાલેજના શિકોતર માતાજીના મંદિર ખાતે ધારાસભ્ય ચિરાગભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને એક પેડ મા કે નામ અંતગર્ત 75મો તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો હતો. જે દરમિયાન પ્રાંત અધિકારી કુંજલ શાહ, મામલતદાર મનીષભાઈ ભોઈ, તાલુકા વિકાસ અધિકારી રમેશભાઈ ચૌધરી, તાલુકા પંચાયતના પ્રમુખ શિવાનીબેન પટેલ, માજી ધારાસભ્ય સંજયભાઈ પટેલ વિગેરે હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે ધારાસભ્ય ચિરાગભાઈ પટેલે અખાતમાં દરિયાઇ વનસ્પતિ ચેરના વૃક્ષનું સફળતાપૂર્વક વાવેતર કરવા અંગે વન વિભાગને બિરદાવ્યાં હતાં. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં ગ્રામ પંચાયતોને વૃક્ષોની હરાજી થકી મળેલી રકમ ચુકવવામાં આવી હતી.

### ચિખોદરામાં બેંક ઓફ ઇન્ડિયા દ્વારા હિંદી માહ પુરસ્કાર વિતરણ સમારંભ યોજાયો




**આણંદ :** બેંક ઓફ ઇન્ડિયાની ચિખોદરા શાખા તથા એમ. એમ. હાઈસ્કૂલ ,ચિખોદરાનાં સંયુક્ત ઉપક્રમે હિંદી માહનો પુરસ્કાર વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચિખોદરાના શાખા પ્રમુખ ધીરેન્દ્રસિંહના મુખ્ય મહેમાન પદે હાઈસ્કૂલના પટાંગણમાં ચિખોદરા કેળવણી મંડળનાં પ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલે અધ્યક્ષ પદ શોભાવ્યું હતું. આ હિંદી પુરસ્કાર વિતરણ સમારંભમાં બેંક ઓફ ઇન્ડિયા, વડોદરા ઝોનલ ઓફિસના રાજભાષા વિભાગના મેનેજર કિશોર સોનાર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભના અતિથિ વિશેષ પદે કિશોર સોનારે જણાવ્યું હતું કે, મને એ વાતનો અત્યંત આનંદ થાય છે કે એમ.એમ. હાઈસ્કૂલ દ્વારા હિંદી માહની ઉજવણી અંતર્ગત વિભિન્ન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હિંદી દિવસ અંતર્ગત યોજાયેલ વિભિન્ન સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને તથા સ્પર્ધા માં વિજેતા થનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### કપડવંજમાં મા ઉમિયા ધજા મહોત્સવ અંતર્ગત મહેંદી ઉત્સવ ઉજવવામાં આવી



**કપડવંજ :** ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા પ્રેરીત મા ઉમિયા ધજા મહોત્સવ અંતર્ગત ઉમિયા ધામ ઊંઝા ખાતે જુદા જુદા ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કપડવંજ તાલુકાના કડવા પાટીદાર સમાજના ગામોમાંથી જે બહેનો ધજા મહોત્સવમાં સહભાગી થવાના છે તે પૈકીના નરસિંહપૂર ગામના ઉમિયા માતાજી મંદિર ખાતે વિશાળ સંખ્યામાં ગામની બહેનોએ ભારે આસ્થા શ્રધ્ધા અને ઉત્સાહ સાથે મહેંદી ઉત્સવ ઉજવ્યો હતો. આમ કપડવંજ તાલુકાના અનેક ગામોમાં બહેનો દ્વારા મહેંદી ઉત્સવ ઉજવણી કરવામાં આવી હતી. તેમ ઉમિયા માતાજી ઊંઝા સંસ્થાના મીડિયા કન્વીનર પી.એ. પટેલે જણાવ્યું હતું

### કપડવંજમાં પર્યુષણના પુર્ણાહુતિ પ્રસંગે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું



**કપડવંજ :** કપડવંજમાં ભાદરવા સુદ-5 રવિવારના રોજ પર્યુષણ ની પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા શાંતિલાલ વાડીલાલ શાહના નિવાસસ્થાને થી બેન્ડવાજા, ચાંદીના બે રથ, બગી, ભગવાન શ્રી મહાવીર સ્વામીનું પારણું તથા તથા વિવિધ સાધનો અને આ શોભાયાત્રામાં જૈન સંઘના ભાઈ બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા શોભાયાત્રા કપડવંજ ના રાજમાર્ગ પર ફરી હોળી ચકલા મુકામે આવેલ શ્રી શાંતિનાથ જિનાલય પરિપૂર્ણ થઈ હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


## કડાણા ડેમનું હાઇએલર્ટ સ્ટેજ , મહત્તમ સપાટી 419 નજીક



કડાણા બંધના ઉપરવાસમાંથી પાણીની આવક થતા જળ સપાટીમાં વધારો થઇ રહ્યો છે. કડાણા બંધનું રુલ લેવલ જાળવી રાખવા માટે કડાણા બંધમાંથી મંગળવારે મોડી રાતે 3 લાખ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવ્યું હતું. કડાણા ડેમની પાણી સંગ્રહની મહત્તમ સપાટી 419 ફુટની હોઈ તે સામે બુધવારે દસ વાગ્યે કડાણા બંધમાં પાણીની સપાટી 415 ફૂટ 6 ઇંચ જોવા મળતી હતી. કડાણા બંધમાં હાલ પાણીની આવક 1 લાખ 65 હજાર ક્યુસેક હોઈ ડેમમાથી બુધવારે વધુ એક લાખ નેવું હજાર ક્યુસેક પાણી ડેમનાં 15 ગેટ ચાર ફુટ ખોલી ને અને છ ગેટ આઠ ફૂટ ખોલીને ( કુલ એકવીસ ગેટ) માંથી પાણી છોડાતા મહીમાં ધોડાપુર જોવા મળે છે.

# પેટલાદ શહેરના બંધ મકાનમાંથી પોણા લાખની ઘરવખરી ચોરાઇ

**રેલવેના નિવૃત્ત** કર્મચારીના ઘરમાં ત્રાટકેલા તસ્કરો તાંબા - પિત્તળના વાસણ, ફ્રિજ, ખુરશી તેમજ સ્ટીલના વાસણો લઇ ગયા

(પ્રતિનિધિ) પેટલાદ તા.11

પેટલાદના લીંબાકુઇ વિસ્તારમાં ત્રાટકેલા તસ્કરોએ રેલવેના નિવૃત્ત કર્મચારીના બંધ ઘરમાં ઘુસી તાંબા - પિત્તળના વાસણ, ફ્રિજ, ખુરશી, ઘર વખરીના રસોડાના સ્ટીલની વાસણો આશરે કિંમત રૂ.87 હજારની ચીજ વસ્તુઓની ચોરી કરી હતી. આ અંગે પેટલાદ શહેર પોલીસે ગુનો નોંધ્યો હતો.

પેટલાદના લીંબાકુઈમાં રહેતા પ્રવિણકુમાર રમણલાલ મોદી વેસ્ટર્ન રેલવેમાંથી નિવૃત્ત જીવન ગુજારે છે અને હાલ વડોદરામાં સ્થાયી થયાં છે. પ્રવિણકુમાર અને તેમના પરિવારજનો વાર - તહેવારે લીંબાકુઇ આવતા જતાં રહે છે. આ મકાન આશરે ત્રણેક મહિનાથી બંધ હાલતમાં હતું. દરમિયાનમાં 26મી ઓગષ્ટના રોજ સવારના દસેક વાગે ભારે વરસાદના પગલે પ્રવિણકુમારે લીંબાકુઇ ખાતે પડોશમાં રહેતા મયુરભાઈ પંડ્યાને ફોન કરી મકાન તપાસ કરવા જણાવ્યું હતું. આ સમયે ઘરને તાળુ મારેલું હતું. બાદમાં 8મી સપ્ટેમ્બર,2024ના રોજ મયુરભાઈએ કોલ કરી જણાવ્યું કે, મકાનનું તાળુ તુટેલી હાલતમાં છે. સામાન વેરવિખેર પડ્યો છે. આથી, બીજા દિવસે પ્રવિણકુમાર લીંબાકુઇ પહોંચ્યાં હતાં. આ સમયે દરવાજો ખુલ્લો હતો અને ઘરમાં તપાસ કરતાં તાંબાના ચાર પવાલા સહિત તાંબાના વાસણ, જર્મન, પિત્તળની થાળી, વાટકા, ફ્રિજ સહિત ઘર વખરીના રસોડાના સ્ટીલના વાસણો મળી કુલ રૂ.87,200ની ચોરી થઇ હતી. આ અંગે પ્રવિણકુમાર મોદીએ પેટલાદ શહેર પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેટલાદ શહેરમાં આખેઆખી ઘરવખરીની જે રીતે ચોરી થઇ છે, તે જોઇને સોસાયટીવાસીઓ પણ ચોંકી ગયાં છે. આ અંગે તપાસ કરવા માગ ઉઠી છે.

**તસ્કરોમાં વાહન લઇ આવ્યાની શંકા**

પેટલાદના લીંબાકુઇ વિસ્તારમાં ત્રાટકેલા તસ્કરો કોઇ વાહન લઇને આવ્યાં હોવાની શંકા પોલીસને ઉપજી છે. આ ઉપરાંત તેઓ બે કે તેથી વધુ હોવાની પણ શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. હાલ આ અંગે પોલીસે સીસીટીવી ફુટેજ તપાસવાના શરૂ કર્યાં છે.

# આણંદમાં વાહનના નંબરનું ઓનલાઇન રિ-ઓક્શન

**વાહનચાલકો** પસંદગીના નંબરો મેળવવા રી-ઓક્શનમાં ભાગ લઇ શકશે

(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદ જિલ્લામાં નવા વાહન ખરીદનારા વાહન માલીકોને પસંદગીના નંબર માટે રિ-ઓકશન કરવામાં આવી રહ્યું છે. આ અંગે આરટીઓએ ઓનલાઇન રિ-ઓકશન કરવામાં આવશે.

આણંદના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં વાહનચાલકોની સગવડતા માટે પસંદગીના નંબરની ફાળવણી માટે ઓનલાઇન રિ-ઓકશન કરવામાં આવ્યું છે. જેમાં નોન ટ્રાન્સપોર્ટ મોટર સાયકલ સિરિઝ GJ 23 DG, DH, DJ, DK, DL, DM, DN, DP, DQ, DR, DS, DY, DZ, EA અને EB છે. લાઇટ મોટર વ્હેકલ સિરિઝ GJ 23 CA, CB, CC, CD, CE, CF, CG અને CH છે. થ્રી વ્હીલ પેસેંજર તેમજ ગુડ્ઝ પ્રકારના વાહન માટે GJ 23 AV સિરીઝ છે. જ્યારે ભારે પ્રકારના વાહન માટે GJ 23-AW સિરિઝ શરૂ કરવામાં આવી છે. તેથી પસંદગીના નંબર મેળવવાની ઈચ્છા ધરાવતા વાહન માલિકો તેમના વાહનોનું ઓનલાઇન http://parivahan.gov.in/fancy પર રજીસ્ટ્રેશન કરી રી-ઓક્શનમાં ભાગ લઈ શકશે. આ માટે 17મી સપ્ટેમ્બરથી 19મી સુધીમાં રી-ઓક્શન માટે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# વીરપુરના સરાડીયા ગામ પાસે પાણી નિકાલ માટે તંત્ર દોડ્યું

**ગ્રામજનોને** મામલતદારને આવેદન આપી આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી

(પ્રતિનિધિ) વીરપુર,તા.11

સરાડીયા ગામના પહાડીયા વિસ્તારના મુખ્ય વીરપુરથી જિલ્લા કક્ષાને જોડતા મુખ્ય ડામર રસ્તા પરના નાળા બંધ કરી દેવાતા રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. આ અંગે ગ્રામજનોએ આંદોલનની ચિમકી ઉચ્ચારતા તંત્ર દોડ્યું હતું અને તાત્કાલિક પાણી નિકાલ માટે કાર્યવાહી હાથ ધરી હતી.



વીરપુરને લુણાવાડા સાથે જોડતા સરાડીયા ગામના રસ્તા પર અવિરત વહેતા પાણીથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી રહ્યા હતા. આ રસ્તા પરથી અવર જવર કરતા વાહનો રાત્રિના અંધકારમાં ખાડામાં ખાબકે તો મોટી જાનહાનિ થવાનો ભય ઉભો થયો હતો. આ ઉબડખાબડ રસ્તામાં પાણી ભરાવાથી વાહનો સ્લીપ ખાતા હોવાના પણ બનાવ બન્યાં હતાં. ખેતરે આવન જાવન કરતા ખેડૂતો અને શાળાએ જતા નાના ભૂલકાઓએ પાણીમાંથી જીવના જોખમે શિક્ષણ લઈ રહ્યા હતાં. જેથી, સરાડીયાના અગ્રણીઓ દ્વારા આવેદનપત્ર પાઠવ્યું હતું. આથી, તંત્ર સફાળું જાગ્યુ પોલીસ બંદોબસ્ત ગોઠવી બંધ નાળા ખુલ્લા કરતા રસ્તા પરના પાણી ઓસરતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

### નેસ હનુમાનજી મંદિરે પરંપરા પ્રમાણે મેળો ભરાયો



ઠાસરા તાલુકાના નેસ ગામમાં સ્વયંભૂ હનુમાનજી મહારાજનું અનેરું મહત્વ છે. નેસ ગામ તેમજ આસપાસના 50થી વધુ ગામમાંથી હનુમાનજીની ભક્તિ માટે ભક્તોનો ધસારો જોવા મળે છે. યાત્રાધામ ડાકોર થી માત્ર 7 કિલોમીટરના અંતરે નેશ ગામે આવેલું છે. લોકમેળામાં જંગી જનમેદનીની ઉપસ્થિતિમાં સ્વયંભૂ હનુમાનજી મહારાજની આરતી ઉતારવામાં આવી હતી. પૂજારી દ્વારા આરતી ઉતારાઇ હતી . મોટી સંખ્યામાં ભાવિક ભક્તો હનુમાનજી મહારાજના દર્શન કરી હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પેટલાદમાં ગણપતિનું વિસર્જન સુર્યાસ્ત પહેલા કરવા તાકીદ

**ગણેશ વિસર્જન અને** ઈદના તહેવાર સંદર્ભે અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું

(પ્રતિનિધિ) પેટલાદ,તા.11

પેટલાદમાં હાલ ઠેર ઠેર ગણપતિ સ્થાપના કરવામાં આવેલ છે. જેઓ આગામી તા.૧૭ના રોજ શ્રીજીનું વિસર્જન કરનાર છે. જ્યારે તા.૧૬ના રોજ મુસ્લિમોનો ઈદ તહેવાર છે. આ બંન્ને તહેવારો શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે આજે એક બેઠક યોજાઈ હતી. જેમાં પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓએ આયોજકોને માર્ગદર્શન આપ્યું હતું. કોઈપણ અનિચ્છનીય ઘટના બને નહીં તેની તકેદારી સૌ કોઈને રાખવા અધિકારીઓએ અપીલ કરી હતી.




તસવીરઃ વિનાયક આણંદજીવાલા

પેટલાદની એન કે હાઈસ્કુલના હોલમાં ગતરોજ શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી. આગામી ઈદે મિલાદ અને ગણેશ વિસર્જન માટે યોજાયેલ આ બેઠકમાં પ્રાંત અધિકારી બારોટે આયોજકોને જણાવ્યું હતું કે વિસર્જન યાત્રા શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે જરૂરી છે. જ્યારે વિસર્જન યાત્રા કોઈ મંદિર - મસ્જિદ પાસેથી પસાર થતી હોય તે સમયે ડીજેનો અવાજ ધીમો રાખી પસાર થવું જોઈએ, ઉપરાંત ઉશ્કેરણીજનક શબ્દોનું ઉચ્ચારણ બિલકુલ ના થવું જોઈએ. જેના માટે આયોજકો, પોલીસ અને વહીવટી તંત્રની સહિયારી જવાબદારી છે. આ બેઠકમાં ડીવાયએસપી પી કે દિયોરાએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ઈદે મિલાદ અને ગણેશ વિસર્જન યાત્રાના તહેવારો શાંતિથી ઉજવાય એ માટે આગેવાનોએ યુથ ઉપર કંટ્રોલ રાખવો જરૂરી રહેશે. આ ઉપરાંત શહેરના તમામ ગણપતિનું વિસર્જન સુર્યાસ્ત સુધીમાં થઈ જાય એવું આયોજન કરવાનું રહેશે. આ બેઠકમાં ધારાસભ્ય કમલેશ પટેલે જણાવ્યું હતું કે હિન્દુ - મુસ્લિમના બંન્ને તહેવારોની ઉજવણી સર્વ ધર્મ સમભાવથી સંપન્ન થાય અને પોલીસ તથા વહીવટી તંત્રને આપણે મદદરૂપ થઈએ તે જ અત્યંત આવશ્યક છે. આ બેઠકમાં ધારાસભ્ય સહિત પ્રાંત અધિકારી બારોટ, ડીવાયએસપી પી કે દિયોરા, મામલતદાર દેસાઈ, પીઆઈ એ વી પરમાર, આયોજકો, પાલિકા - એમજીવીસીએલ - આર એન્ડ બીના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**સાર્વજનિક મંડળો દ્વારા આજથી શ્રીજીની પ્રતિમાનું વિસર્જન શરૂ**



પેટલાદમાં સાર્વજનિક મંડળો દ્વારા સો જેટલા ગણપતિ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. પરંતુ સાથોસાથ કૌટુંબીક સ્તરે અસંખ્ય ગણેશ સ્થાપન ઘેરઘેર કરવામાં આવ્યા છે. જેઓના શ્રીજીનું વિસર્જન આજથી નારાયણ કુંડ ખાતે શરૂ થઈ ગયેલ છે. આજરોજ દિવસ દરમ્યાન અનેક લોકોએ નાની મોટી વિસર્જન યાત્રા પોતાના ઘરેથી કાઢી દાદાને ભાવભીની વિદાય આપી હતી. જેને લઈ શહેરના મુખ્ય માર્ગો ભક્તિમય બન્યા હતા.

**ડીજે સંચાલકો સાથે આજે બેઠક સંપન્ન**

આગામી તા.૧૭ના રોજ વિસર્જન યાત્રામાં જોડાનાર ડીજેના સંચાલકો સાથે પીઆઈ એ વી પરમારે બેઠક યોજી હતી. જેમાં પીઆઈ એ જણાવ્યું હતું કે ડીજેનો અવાજ મર્યાદિત રાખવો. ઉપરાંત ફિલ્મી ગીતોના બદલે માત્ર ભક્તિને લગતા ભજનો કે ગીતો વગાડવાના રહેશે. વિસર્જન યાત્રા સમયસર નારાયણ કુંડ પહોંચે તે રીતે આયોજન કરવા જણાવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સુરત અને કચ્છ ખાતે કોમી ઘર્ષણ બાદ પેટલાદ પોલીસે પણ વલણ સઘન અને કડક અપનાવ્યું હોવાનું જાણવા મળે છે.